આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬૧ | ૧૨ મે, ૨૦૧૩, રવિવાર; વૈશાખ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જે આંસુ બહાર નિકળતાં નથી એ અંદર રહીને હૃદયને વલોવી નાખે છે
- ધૂમકેતુ

જીવરાજ મહેતા ભવન ૧લી જૂનથી સોલાર સંકુલ બનશે

જુના સચિવાલય સંકુલના દરેક બ્લોકની છત પર ૮૦ થી ૧૦૦ કિલો વોટની પેનલો લાગી ગઈ : વીજ ઉત્પાદનની ગણતરી માટે સબસ્ટેશન પણ તૈયાર કરી દેવાયું



(તસવીર : દિપક જાની)

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૧૧

સોલાર સીટી ગાંધીનગરમાં જુના સચિવાલય સંકુલ તરીકે ઓળખાતુ જીવરાજ મહેતા ભવન ૧લી જૂનથી સંપૂર્ણ સોલાર આધારિત વીજ સંચાલન હેઠળ થઈ જશે.

ગાંધીનગર શહેરમાં રૂફટોપ દ્વારા પાંચ મે.વો.વીજ ઉત્પાદનના લક્ષ્યાંક સાથે હાથ ધરાયેલા આયોજનના પ્રથમ તબક્કામાં જીવરાજ મહેતા ભવન દ્વારા તેની જરૂરિયાતની વીજ ઉત્પાદન ઉપરાંત વધારાની પણ વીજળી ઉત્પન્ન કરશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સંકુલમાંથી ઉત્પન્ન થનાર કુલ વીજ ઉત્પાદનમાંથી ૩૦૦ કિલો વોટ વીજ તેની જરૂરિયાત કરતાં વધારે ઉત્પાદન કરી અને તે ગ્રીડમાં સપ્લાય કરશે.

ગાંધીનગર શહેરમાં રૂફટોપ પોલીસી દ્વારા સોલાર ઊર્જાનો અભિગમ સરકારે અપનાવ્યો છે. રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ટેન્ડરો મંગાવી બે કંપનીઓને ૨.૫ મે.વો. ૨.૫ મે.વો.ની ની કામગીરીની જવાબદારી સોંપી છે.

સરકારે આ પ્રોજેક્ટના અમલીકરણનો પ્રારંભ પણ સરકારની વિવિધ કચેરીઓના ધાબાઓ ફાળવી અને ઉત્પાદનનો માર્ગ કંડાર્યો છે.

જીવરાજ મહેતા ભવનમાં એઝયોર પાવર દ્વારા સૌર ઊર્જાનો પ્રોજેક્ટ હાથ પર લેવામાં આવ્યો છે. એઝયોર પાવરના અધિકારીઓએ દરેક બ્લોકની છત પર જઈ ત્યાં કેટલી કેટલી કેપીસીટીમાં વીજ ઉત્પન્ન થઈ શકે તેમ છે તેનો અભ્યાસ અને ડિઝાઈનવર્ક તૈયાર કરી હવે ઉત્પાદનના શ્રી ગણેશ પણ કરી દીધા છે.

જીવરાજ મહેતા ભવનના ધાબાઓ પર ૮૦ થી ૧૦૦ કિલો વોટના ઉત્પાદન માટેની પેનલ્સ લગાડી દેવામાં આવી છે. આ પેનલો લગાવવા માટે કંપનીએ એક પણ બોલ્ટનો ઉપીયોગ કર્યો નથી એટલુ જ નહિ ક્યાંય પણ ધાબામાં કાણુ પણ પાડ્યું નથી. અદ્યતન ડિઝાઈન સાથે ઢોળાવ ધરાવતી પેનલો લગાવવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જીવરાજ મહેતા ભવનને ૧ મે.વો. વીજળીની જરૂરિયાત છે જેની સામે ૧૩૦૦ કિલોવોટ વીજ અહિના ધાબાઓ પરથી ઉત્પન્ન થશે. અત્યાર સુધીમાં ૭૦૦ કિલો વોટનું ઉત્પાદન શરૂ થઈ ચુક્યું છે.

આ ઉપરાંત ગાંધીનગરમાં

● અનુસંધાન પાન-૭ પર

મનપાની સામાન્યસભાના મુદ્દે બન્ને પક્ષોએ શરૂ કરેલી રાજનીતિ

કોંગ્રેસ કહે છે અસામાન્ય સ્થિતિમાં ખાસ સામાન્યસભાઓ યોજવી જોઈએ : ભાજપ કહે છે ખાસ સામાન્ય સભા બોલાવવાની માંગણી કરવી અમારો અધિકાર છે

ગાંધીનગર, તા. ૧૧

આગામી મંગળવારના રોજ યોજવામાં આવેલી ખાસ સામાન્ય સભાને લઈ પાટનગરનો રાજકીય માહોલ ગરમાયો છે. કોંગ્રેસ પક્ષે મ્યુનિ. કમિશનરને એક પત્ર લખી આ બેઠક રદ કરવાની માંગ કરી છે. તો બીજી તરફ ભાજપના સભ્યોએ કરેલી માંગણીને લઈ મેયરે આપેલી સૂચનાને પગલે તંત્રએ ખાસ સામાન્ય સભાનો એજન્ડા પણ જારી કરી દીધો છે.

આજે આવેલા રાજકીય વળાંકમાં કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ મ્યુનિ. કમિશનરશ્રીને એક પત્ર લખી આ બેઠક રદ કરવાની માંગણી કરે છે. તેમણે આ માટેના સમર્થનમાં બી.પી.એમ.સી. એકટની કલમોમાં કરાયેલી જોગવાઈઓને ટાંકી છે.

મંગળવારે મળનારી સામાન્ય સભાને લઈ શરૂ થયેલી રાજનીતિને પગલે આજે રજાનો દિવસ હોવા છતાં તંત્રના અધિકારીઓએ અભ્યાસમાં દિવસ પસાર કર્યો હતો.

કોંગ્રેસ પક્ષે તેના પત્રમાં જણાવ્યું છે કે કોઈ ખાસ અસામાન્ય સ્થિતિ ઉભી થઈ નથી અને ખાસ સામાન્યસભા બજેટ સિવાયની ચર્ચા માટે બોલાવવી હોય તો ઓછામાં ઓછા સાત દિવસની નોટીસ આપવી જોઈએ તે જોગવાઈને ટાંકી પત્ર લખી આ સામાન્ય સભા રદ કરવા માંગ કરી છે.

બીજી તરફ ભાજપના અંતરંગ સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગઈકાલે જ પક્ષના નેતાઓ સાથે પરામર્શ કર્યા બાદ આ ખાસ સામાન્ય સભા બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મેયર શ્રી રાણા પ્રદેશ નેતાઓ સાથે સતત સંપર્કમાં છે.

ભાજપના સૂત્રો માની રહ્યા છે કે બન્ને પક્ષોએ શરૂ કરેલી રાજનીતિને લઈ પાટનગરનો રાજકીય માહોલ ગરમાવો છે. મેયર શ્રી રાણાએ કરેલ સોંગદનામા પરનો જવાબ આજે નગરજનોની ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

દસ થી પણ વધુ સભ્યોએ આ બેઠક માટેની માંગણી કરેલ છે.

કોંગ્રેસ પક્ષના આગેવાનો કહે છે કે સ્ટેન્ડીંગ કમિટીના ચાર સભ્યોની સહિ સાથે માંગણી થઈ નથી એટલે આ ખાસ સામાન્ય સભા યોજી શકાય નહિ.

જો કે બન્ને પક્ષોએ શરૂ કરેલી રાજનીતિને લઈ પાટનગરનો રાજકીય માહોલ ગરમાવો છે. મેયર શ્રી રાણાએ કરેલ સોંગદનામા પરનો જવાબ આજે નગરજનોની ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

કે. કે. કન્સ્ટ્રક્શન

રો હાઉસ & બંગલાનું કામ મજૂરી અને માલ-સામાન સાથે વ્યાજબી ભાવે કરી આપીશું.

સંપર્ક
મો. : ૯૮૨૪૫ ૩૭૭૬૯

ગરમીમાં ઘટાડો : પારો ૪૦.૫ ડિગ્રી

ગાંધીનગર, તા. ૧૧

પવન અને આછા વાદળોના પરિણામે ગરમી ઘટી છે. મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી જેટલુ નોંધાતા વસાહતીઓને થોડીક રાહત થઈ છે.

છેલ્લા સાત-આઠ દિવસોની ચાલી રહેલી હીટવેવમાં બે દિવસથી ઘટાડો નોંધાયો છે. વાતાવરણમાં સહેજ ફેરફાર થતાં પારો ઘટવા લાગ્યો છે. મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી પહોંચતા ગરમી સહેજ ઘટી છે. વળી પવન હોવાના કારણે તથા ક્યારેક આછા વાદળોના કારણે પણ તાપ ઘટ્યો છે. જો કે લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી જેટલું ઉંચુ રહેતા રાત્રે હજુ ગરમી અનુભવાય છે.

જય પરશુરામ

હાર્દિક અભિનંદન

શૈલેષભાઈ જોષી
પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ, ગુજરાત

પાલનપુરના અગ્રણી બિલ્ડર અને ઉદ્યોગપતિ શ્રી શૈલેષભાઈ સી. જોષીની સમસ્ત બ્રહ્મસમાજગુજરાત રાજ્યના પ્રમુખપદે થયેલ વરણી બદલ આજે ભગવાન પરશુરામની જન્મ જયંતિ દિને તેમને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. ગુજરાતના ૬૫ લાખ ભૂદેવોના સંગઠન કાર્ય માટે ભગવાન પરશુરામજીના આશીર્વાદ તમને પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરીએ છીએ...

પીનાકીનભાઈ રાવલ
(પ્રમુખ ગાંધીનગર બ્રહ્મસમાજ)
નરેશભાઈ દવે - મહામંત્રી
નરેન્દ્રભાઈ વ્યાસ - ખજાનચી
મહેન્દ્રભાઈ વ્યાસ - માણસા

કનૈયાલાલ પંડ્યા
(પૂર્વ પ્રદેશ મહામંત્રી)
દિનેશભાઈ વ્યાસ
(અંગત સચિવ, મા. વિધાનસભા અધ્યક્ષશ્રી)
અશ્વિનભાઈ દવે - એડવોકેટ

LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૯ ૮૭૧૧૫.
મો ૯૭૪૧૯૮૩૯૯

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

આપણા શહેર ગાંધીનગરમાં
2 Day's Reiki Workshop
1st Degree
By
Reiki Grand Master
PRAHMLAD DHOLAKIYA
With High Tea, Breakfast & Lunch
For Registration call Now
98250 15104
98246 47435
99244 98159
દિવ્યશક્તિ રેઈકી